
## આરતી અને માતાજીની સ્તુતિ

# વ્રતકથા



**શ્રી શિકોતર (વહાણવટી) માતાજી મંદિર,**

**રાલેજ**

।।श्री गणेशाय नमः।।



वक्रतुण्ड महाकाय सूर्य कोटि समप्रभ्।
निर्विध्न कुरुमे देव सर्व कार्येषु सर्वदा।।

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | માતાજીના મંદિરની ઐતિહાસિક ઝલક .......... | ૧ |
| ૨ | શ્રી માની સ્તુતિ .......... | ૩ |
| ૩ | શ્રી દેવી સ્તુતિ .......... | ૪ |
| ૪ | શ્રી શિકોતર માતાજીની સ્તુતિ .......... | ૫ |
| ૫ | શ્રી દેવી કવચ .......... | ૬ |
| ૬ | શ્રી વહાણવટી માતાના વ્રતની પૂજન વિધિ .......... | ૧૦ |
| ૭ | શ્રી શિકોતર ચાલીસા .......... | ૧૪ |
| ૮ | વહાણવટી અષ્ટક .......... | ૧૬ |
| ૯ | મંગલા ચરણ .......... | ૧૭ |
| ૧૦ | પંદર તિથિની આરતી .......... | ૧૮ |
| ૧૧ | પ્રાર્થના છંદ .......... | ૨૦ |
| ૧૨ | ગરબો .......... | ૨૧ |
| ૧૩ | શ્રી શિકોતરે માતાજીની સ્તુતિ .......... | ૨૨ |
| ૧૪ | ગુલાબના ગોટા જેવી માઁ .......... | ૨૩ |
| ૧૫ | શ્રી શિકોતર માતાજીનો થાળ .......... | ૨૪ |
| ૧૬ | શ્રી ગાયત્રી ચાલીસા .......... | ૨૫ |
| ૧૭ | શ્રી હનુમાન ચાલીસા .......... | ૨૭ |
| ૧૮ | શકાદય સ્તુતિ .......... | ૨૯ |

॥ શ્રી ગણેશાય નમઃ ॥



# માતાજીના મંદિરની એક ઐતિહાસિક ઝલક

સુપ્રસિધ્ધ ખંભાત શહેરથી પૂર્વ / દક્ષિણે, ખંભાતના અખાત, મહી નદી અને મહાસાગર સંગમ ઉપર મહીસાગર કાંઠે શહેરથી સાતેક કીલો મીટરના અંતરે, રાલેજ ગામના સીમાડે, મહીના કોતરોની વચમાં લગભગ સવાસો ફૂટની ઉંચાઈએ આવેલું પુરાણું મંદિર, જે શિકોતર માતાજીના મંદિર તરીકે પ્રખ્યાત છે. આશરે ૯૦૦ વર્ષ પુરાણા આ મંદિરમાં પુરાતન કાળની મા શિકોતરની મૂર્તિ બિરાજમાન છે. માતાજીના દર્શનાર્થીઓ અને શ્રદ્ધાળુઓ દેશભર માંથી આવે છે. એક જમાનામાં વાહન વ્યવહાર અને રસ્તાઓ પાકા ન હતા, એ જમાનામાં ધુવારણ, કલમસર, બાજીપુરા, જહાંગીરપુરા, ડાલી, ખડોધી, ખંભાત, મેતપુર અને વાસણાના ભાવિકજનો ભાઠાના રસ્તાનો ઉપયોગ કરતા અને પગપાળા કે બળદગાડા મારફતે કાચા રસ્તે પ્રયાણ કરતા પરંતુ માતાજીની કૃપાથી સૌના સદભાગ્યે આજે સરકારશ્રી તરફથી ડામર રોડની સગવડ થઈ છે અને સૌ તેનો લાભ લે છે.

માતાજીના સ્થળનું ઐતિહાસક પાસુ જોઈએ તો એક જમાનામાં ત્યાં નજીકમાં રાલેજ ગામનું અસ્તિત્વ હતું. કાળક્રમે તેમાં પલ્ટો આવી ગામ સ્થાળાંતર થયેલું એવી લોકવાયકા છે. વળી માતાજીની શ્રધ્ધા વિષે જોઈએ તો પુરાતન કાળથી દર વર્ષે ચૈત્ર ૧૫ ના રોજ "ચૈત્રી પુનમનો મેળો" ભરાતો આવ્યો છે. પહેલાં તો બળદગાડાં અને ઉંટસવારી કે પગપાળા પ્રવાસ કરીને દુર દુર ગામડામાંથી ચૈત્રી પૂનમનો મેળો મહાલવા માનવ મેદની ઉમટી પડતી અને સમુદ્ર સ્નાનનો લ્હાવો લેતા અને આજે પણ એ પ્રણાલિક ચાલુ છે અને ગ્રામ્ય સંસ્કૃતિની ભાતીગળ ઝલક જોવા મળે છે.

કાળક્રમે ઘસારાથી માતાજીના મંદિરના પૂર્વ ભાગનો ટેકરો ધોવાઈ જતાં અને એવા કપરા કામમાં પણ મંદિરનો ઈતિહાસ જાળવવા ગામના "ધર્માદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ" બીડું ઝડપ્યું અને ગામમાંથી તેમજ આજુબાજુના શ્રદ્ધાળું ભાવિકજનો પાસે હાથ લંભાવી ફંડ ફાળો એકત્રિત કરી મંદિરનો જીર્ણોદ્ધાર કરેલો અને મંદિરના

ફરતેનું ધોવાણ અટકાવવા મંદિરની ફરતે એક જંગી દિવાલ ચણીને કોટ બાંધી એક મહાન ભગીરથ કાર્ય કર્યુ જે આજે કરવાનું હોત તો ઘણું મુશ્કેલ બનત. પરંતુ એ ભેધારીઓએ લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી અને નીચેના ભાગે એક મોટી ધર્મશાળા વટે માર્ગુઓ માટે બનાવી તેમજ પીવાના પાણી માટે નાની પુરાણી કૂઈ હતી તે સમરાવી હેન્ડ પંપની વ્યવસ્થા કરી સુંદર કાર્ય કર્યુ હતું. જે આજે પણ તેની સાક્ષી પૂરતા હયાતી ધરાવે છે. આ કાર્ય એ જમાનામાં ગામના ભાવિકજનો અને અન્યની સહાયથી જાત મહેનતથી કર્યા હતા. જેને જોતાં આપણને એ વાતનો સાચો ખ્યાલ આવે છે.

સમય સમયના વહેણ સાથે માતાજીના શ્રધ્ધાળુઓ દર્શનાર્થીઓએ આ સ્થળને સહેલગાહના સ્થાન તરીકે વિકસાવ્યું અને પછી તો કારતક સુદ પડવો એટલેકે બેસતા વર્ષની નવલી સાંજે ત્યાં દારૂખાનું ફુટે અને સૌ દર્શનાર્થીઓ ગ્રામજનો માતાજીના દર્શને આવતાં થયાં અને આજે પણ આવે છે. સમયના વંટોળમાં વધારો થતાં આજે છેલ્લા દશેક વર્ષેથી દર વર્ષે લાભ પાંચમ કે તેની આસપાસ આવતા રવિવાર કે મંગળવારે માનવમેદની ભરાય છે અને દર્શનાર્થીઓનો મેળો ભરાય છે અને ઉલ્લાસ ઉમંગથી માતાજીના દર્શને આવે છે. એજ એની સાક્ષી છે, એજ સત્ય અને એજ સનાતન.હાલ મંદિરના પટાંણગમાં નવી ધર્મશાળા નવરાત્રી ગરબા હોલ તેમજ વૉટર કુલરો મુકી ઠંડા પાણીની વ્યવસ્થા તેમજ ઉજાણીઓ કરવા માટે વાસણ વ્યવસ્થા પણ પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ થઈ છે અને તે માતાજીની કૃપાથી હાલ તેનો વિકાસ ચાલે છે માતાજીની અસીમ કૃપાથી તથા ભાવિક ભક્તોના સહયોગથી અત્યારે મૂળ સ્થાપનાનું નાનું દેવળ વિકાસ પામતાં મહાન યાત્રાધામ બની ગયું છે. ભાવિકોને રહેવા માટે ધર્મશાળા તેમજ પ્રસંગો ઉજવવા માટે હોલ વગેરેનું બાંધકામ કરવામાં આવ્યું છે. દર રવિવાર તેમજ પૂનમના દિવસે બહારગામના ભાવિક ભક્તો માટે ભોજનાલય ચલાવવામાં આવે છે જેમાં ભક્તોને વિનામૂલ્યે પ્રસાદી આપવામાં આવે છે.

આજુ બાજુના ગામના ઘણા ભાવિકો અહીંયા પોતાના સંતાનોના લગ્ન પ્રસંગ માટે પણ આવે છે. પાકા રસોડા સહિત અત્યાધુનિક સગવડ ઉપલબ્ધ છે અને હજુ પણ આ યાત્રાધામના વિકાસની ઘણી તકો છે માટે ભાવિક ભક્તોને તેમાં સહભાગી થવા નમ્ર અરજ છે.

**લી. આપના ભવદીય**

**શ્રી શિકોતર માતાજી મંદિરના ટ્રસ્ટીઓ**

**મુ. રાલેજ. તા. ખંભાત, જી. આંણદ**

# પૌરાણિક શિકોતર માતા

શ્રી શિકોતર માતાજીના આ મંદિરની મુર્તીનું સ્થાપન આશરે ૯૦૦ વર્ષ પહેલા થયેલું હોય તેવું જાણવામાં આવેલ છે અને તે માટે અમારુ માનવું છે કે ખંભાત શહેર એ એક ત્રંબાકેટી નગરી હતી ત્યારે આ મંદીરમાં માતાજીનું સ્થાપન હતું, કારણ કે "આદ્યશક્તિની આરતીમાં ઋષિ મુનીઓએ ગાયેલ પંક્તિમાં રૂપાવતી નગરી, ત્રંબાવટી નગરી અને મંછાવતી નગરીમાં તારો વાસ છે" એ પંક્તિ સાબિત કરે છે કે ખંભાતનું બંદર ઘણું જ મોટું હતું અને આ બંદરના દરિયા કિનારે વહાણવટી માતાનું સ્થાપન થયેલુ હતું. જેથી આ મંદિર ઘણું જ પુરાણું છે અને માતા જગદંબા પોતે જ બિરાજમાન થયેલા છે. દરિયામાં વહાણો જયારે ભયમાં હોય અને માતાજીને યાદ કરે ત્યારે મંદિરના થાંભલાની બાજુમાંથી દિપ પ્રગટ થતો અને દરેક વહાણને રસ્તો મળતો એવી લોક ચર્ચા છે.

# શ્રી માની સ્તુતિ

માયા કુંડલીની ક્રીયા મધુમતી કાલી કળા માલીની
માતંગી વિજયા જયા ભગવતી દેવી શીવા સાંભવી
શક્તિ શંકર વલ્લભા ત્રિનયની વાગ્યાદિની ભૈરવી
ૐ કારી ત્રિપુરાસુરા પરમસિ માતા કુમારીશ્વરી
જય અંબે જગદીશ્વરી જગભરા યોગેશ્વરી યોગીની
ભક્તાધીન ભવાની માં ભગવતી ભોગેશ્વરી ભોગીની
વંદે શ્રી શીશુ બાળ શુદ્ધ મનથી પ્રેમથી પરમેશ્વરી
ઈચ્છા મંડળ આ તણી પુરી કરો અંબે ઓ મા ઈશ્વરી

# શ્રી દેવી સ્તુતિ

યા કુંન્દેંદુ તુષાર હાર ધવલા, યા શુભ્રવસ્ત્રાવૃતા ।
યા વીણા વર દંડ મંડિત કરા, યા શ્વેત પદ્માસના ॥
યા બ્રહ્માડચ્યુત શંકર પ્રભુતિભિર્ દેવૈઃ સદા વંદિતા ।
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડ્યાપહા ॥

માયા કુંડલિની ક્રિયા મધુમતી, કાલી કલા માલિની ।
માતંગી વિજયા જયા ભગવતી, દેવી શિવા શાંભવી ॥
શક્તિ : શંકરવલ્લભા ત્રિનયાના, વાગ્યાદિની ભૈરવી ।
ૐ કારી ત્રિપુરાસુરા પરમસિ, માતા કુમારીશ્વરી ॥
યા અંબા મધુ કંટભ પ્રમાર્થની, યા મહિષોન્મુલિની ।
યા ધુમ્રેક્ષણ ચડમુંડ દલિની, યા રક્ત બીજાસિની ॥
શક્તિ શુંભ નિશુંભ દૈત્ય દલિની, યા સિધ્ધ લક્ષ્મી પરાં ।
યા દુર્ગા નવકોટિ મૂર્તિ સહિતા, માં પાતુ વિશ્વેશ્વરી ॥
અનન્ત રૂપિણી લક્ષ્મીર પાર ગુણ સાગરી ।
અણિમાદિ સિધ્ધિદાત્રી શિરસા પ્રણમામ્યહમ ॥
આપ દુદ્ધારિણી ત્વંહિ આદ્યાશક્તિ શુભાંપરાં ।
આદ્યા આનંદદાયી ચ શિસ્સા પ્રણમામ્યહમ ॥
જગન્માતા જાગત્કર્ગી, જગધાર રૂપિણી ।
જયપ્રદા ચાનકી ચ, શિસ્સા પ્રણમામ્યહમ ॥
અન્નપૂર્ણે સદાપૂર્ણ શંકર પ્રાણવલ્લભે ।
જ્ઞાન વૈરાગ્યસિદ્ધયર્થ ભિક્ષાન્દેહિ ચ પાર્વતિ ॥
યા દેવી સર્વભૂતેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥
યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

# આરતી

ૐ જય વહાણવટી અંબા, ૐ જય શ્રી શિકોતર અંબા,
જગજનની, જગદંબા ૐ જય વહાણવટી અંબા,
તું શારદા સરસ્વતી અંબા, તું આશાપુરી અંબા મા (૨)
તું કાલીને મહાકાલી માં, તું હરસિધ્ધી અંબા, ૐ જય વહાણવટી.
ચંડને મુંડ માર્યા તે મા મહીસાસુર હણીયો મા (૨)
રક્તબીજને રાડયો શંભુ નિશુભ સંહાર્યો ૐ જય વહાણવટી અંબા.
મા શ નવગણની વાર્યા સીંધ દેશમાંથી આવ્યાં મા (૨)
વણીક જગડુશાના વહાણો મધદરિયે તેં તાર્યા ૐ શ્રી શિકોતર
વિવિધ રૂપો તું ધરતી મા ભક્તોના દુઃખ હરતી મા (૨)
જે જન તારી સ્તુતી કરે મા, જે જન તેની આશા તુ પુરી કરે મા
તેના દુઃખ હરતી ૐ જય શિકાતેર અંબા
શ્રી શિકોતર માની આરતી જે કોઈ ગાશે મા જે ભાવે ગાશે.
ભક્તોના દુઃખડા હરશે સુખસંપતી થાશે ૐજય શ્રી શિકોતર અંબા

**- રમેશભાઈ પટેલના જય માતાજી રાલેજ**

# શ્રી શિકોતર માતાજીની સ્તુતિ

વહાણે ચઢીને વહેલાં આવજો માડી...... જોજે લાજ જાયના મારી.
સિંહની સવારીએ વહેલાં આવજો માડી... જોજે લાજ જાયજા મારી-વહાણેચઢી..
આરાસુરમાં મા તું અંબા કહેવાણી... પાવાગઢમાં મા તું મહાકાલી
રાલેજમાં તુ શ્રી શિકોતર માડી..... જોજે લાજ જાયના મારી - વહાણેચઢીને...
મા રાનવગણની વહારે છાયા... સિંઘ દેશમાંથી આવ્યા
જગડુશાના વહાણોને તાર્યા માં વહાણવટી કહેવાણાં - વહાણેચઢીને....
બે કર જોડી વિનંતી કરૂ છુ સદા તારી સેવા માગું છુ.
'મા' 'મા' કહીને પોકારૂ વ્હારે આવજો વહાણવટી માડી.
જોજે લાજ જાયના મારી - વહાણેચઢીને પહેલા આવજો માડી

# શ્રી દેવી કવચ

ૐ અસ્ય શ્રી દેવી કવચ સ્તોત્રસ્ય બ્રહ્માઋષિ : અનુષ્ટુપ છન્દ શ્રી મહાકાલી દેવતા બ્રહ્મા ઋષિ : ઐ બીજં હ્રી શક્તિ કલી કીલંક ચંડિકા પ્રીત્યર્થે પાઠે વિનિયાગઃ

મુનિ માર્કંડ વધ્યા વાણી, પૂછું બ્રહ્માને ભાવ જ આણી ;
કહો તમો રે ગુપ્ત કથાય, જનો સુખી જેથી કરી થાય
વળતી વધ્યા બ્રહ્માજી ત્યાંય, કહું તમને રે ગુપ્ત કથાય
દેવી કવચ ભક્તિથી રે ગાય,તેના દુઃખ દારિદ્રય તો જાય.
બાળા શૈલ ધર્યુ પહેલુ નામ, બીજે બ્રહ્મચારિણી અભિધામ ;
ત્રીજું નામ તે ચંદ્રઘંટાયં, કુષ્માંડા તે ચોથું ગણાય.
સ્કંદમાતા તે પાચંમું રૂપ, છઠ્ઠે કાત્યાયની સ્વરૂપ;
સાતમે કાલરાત્રી મંમાય,આઠમે ગૌરી રહે સહાય;
નવમે સિધ્ધિ દાત્રી દેવી છાજે, નવરૂપે નવદુર્ગા બિરાજે.
નવરૂપ લીધા ભક્તો માટે, ભાવે ભજતા રે દુઃખડાં કાપે
ભય અગ્નિ શત્રુનો રે ટાળે, દેવી શરણાંગતે સદા પાળે.
રહે દેવી રણાંગણે સહાય, દુઃખ કાપી સુખ આપે રે માય.
દેવી સ્મરણે કરતી રે રક્ષાય, આવી ઉભી રહે પ્રત્યેક્ષ.
પ્રેત વાહને ચામુંડા દેવી, મહા વાહને વારાહી કહેવી.
ઐદ્રીએ ગજ વાહન કીધુ, વૈષ્ણવીએ ગરૂડાસન લીધું.
માહેશ્વરી વૃષવાહને છાજે, મયુરે રે કૌમારી બીરાજે.
રત્નહાર ગળે જ ધરાય, બ્રહ્માણી હંસે ચઢીને રે જાય.
લક્ષ્મી કમળ આસને રે બેઠાં, કમળ પુષ્પ તો હાથમાં દીઠાં,
નાના વિધિ અલંકાર ધર્યા સાત દેવીએ ભક્તોને તાર્યા.

ક્રોધે ભરી રથે ચઢી જાય, કર મધ્યે આયુધ સોહાય.
શંખ ચક્ર ગદા લીધી હાથ, સાંગ હળ મુસળ સોહાય.
ખલ ભાલુ ફરશીને પાશ, બરછી ત્રિશૂળનૂં એ રાસ,
આયુધોથી દૈત્યોને કાપે, ભક્તોને અભય પદ આપે.
કરવા દેવોનું કલ્યાણકારી,રથે ચઢી આયુધોને ધારી.
કરો રક્ષા ભક્તોની માત, દેતા દુશ્મનને ભય સાદ
પૂર્વે ઐદ્રી રક્ષણ ધારો, શક્તિ અગ્નિ ખૂણો જ સંભારો,
વારાહી દક્ષિણ માં રહો સહાય, નૈઋત્યે ખડગ ધારાણી માય.
પશ્ચિમે દીસે વારૂણી માત, વાયવ્યે મૃગવાહિની કહેવાય.
રક્ષે ઉત્તરે કૌબેરી કાય, ઈશાને ત્રિશુળ ધારિણી માય.
ઉચે બ્રહ્માણી રક્ષે અંગ, નીચે વૈષ્ણવી રહે છે રે સંગ.
શબવાહિની ચામુંડા માય, તેની રક્ષા દશે રે દિશાય.
જયા આગળ વિજયા વાંસે, અજીતા રહે ડાબી રે પાસે.
અપરાજિતા રહે જમણીરે ધાય, તે જ શાક્ત રક્ષે શિખાય.
ઉમા શિરની રક્ષા કરે છે, માલાધારી લલાટે રહે છે.
ભુવો મધ્યે યશસ્વીની માતા, ત્રિનેત્રા નેત્ર મધ્યે સોહાતા.
નાસિકે યમઘંટા ગણાય, આંખે શંખિનીની રે રક્ષાય.
કાને દ્વારવાસિની રે માતા, ગાલ રક્ષાએ કાલિકા માતા ;
કર્ણમૂલે શંકરી દેવી, નાસિકા મધ્યે સંકુધા દેવી.
ઉપર હોઠે ચર્ચિકાજી માતા,હેઠે અમત કળા રે સોહાતા.
જીભે સરસ્વતીની રક્ષાય, દાંતે રક્ષા કૌમારી રે માય.
કંઠ મધ્યે ચંડિકા દેવી, ચિત્રઘંટા ઘંટિકામાં સેવી.
તાળવે રક્ષા કરે મંમાય, દાઢીએ કામક્ષી રહે સહાય.
વાણી રક્ષે મંગળા માતા, ભદ્રકાળી ગણ રે મોહાતા.
ધનુષધારી બરડે સહાય, નીલશીવા ગળાની માંય.

કંઠનળી રે કુબેરી રક્ષે, ખડગ ધારિણી ખભાની પક્ષે.
બાહુએ વજધારિણી માય, હાથે દંડિનીની રે રક્ષાય.
આંગળીએ અંબા માતા, નખે શૂલેશ્વરી કહેવાતા.
નલેશ્વરી કુખ મધ્યે રે સ્હાય, સ્તન રક્ષાએ મહાદેવી માય.
હૃદયે રક્ષાએ લલિતા માતા, શુલધારિણી ઉદરે સોહાતા.
નાભિ મધ્યે કામિની રે દેવી, ગુપ્તે ગુહ્યેશ્વરી કહેવી.
કટિએ ભગવતી રહે સહાય, વિધ્યાવાસિની ઘુંટણ માંય.
મહાબળાનો જંઘાએ વાસ, નારસિંહી ઘુંટીની રે પાસ.
પગનળાએ પરાક્રમી દેવી, પગ આંગળીએ શ્રી ધરી સેવી.
પગ તળે વસે રે દેવી, પગ રક્ષા તેની તો કેવી.
દાઢ દુઃખ તો કરાલી હરે, ઉર્ધ્વકેશી કેશ રક્ષા તો કરે.
કૌબેરી રૂંવાડે રક્ષે સહાય, ત્વચા રક્ષે વાઘેશ્વરી માય.
લોહી મસાને માંસ ગ્રાહ્ય, અસ્થિ મેદે પાર્વતી સહાય.
કાળરાત્રિ આંતરડે રહે છે, મુકુટેશ્વરી ચિત્ત રક્ષે છે.
હૃદયે પદ્માવતી રહે દેવી, કફમધ્યે ચુડામણિ કહેવી.
વીર્ય બ્રહ્માણી ખંતે રક્ષે છે, છાંયે છત્રેશ્વરી મૈયા રહે છે.
મન બુદ્રિને પ્રાણ અપાન, વ્યાન ઉદાનને રે સમાન.
અહંકાર સહિત રક્ષાય, સર્વ ધારિણી દેવી કરે સહાય.
રસ રૂપે યોગીની રે માય, ગંધ શબ્દે સ્પર્શે રક્ષાય.
આયુષ્ય રક્ષે વારાહીની માતા, ધર્મ રક્ષાએ ભૈરવી માત,
સાત માતા તણી રે રક્ષાય, જયા કીર્તિએ લક્ષ્મી સહાય.
વંશ રક્ષે ઈન્દ્રણી રે દેવી, પશુ રક્ષાએ ચંડિકા કહેવી.
કરો પુત્રની રક્ષા મંમાય, મહાલક્ષ્મી રહો તમે સહાય.
સ્ત્રીની રક્ષાએ ભૈરવી માતા, ધન રક્ષાએ ધનેશ્વરી માતા.
કન્યા રક્ષો કૌમારી રે માય, સુખ શાન્તિ માર્ગે રે રક્ષાય.

વિજયા ચારે તરફ રે ધાય, રાજદ્વારે મહાલક્ષ્મી માય.
જયાદેવી રણાંગણે રહેતા, પાપનાશિની સર્વ સ્થળે જતાં.
જે મનનું ધાર્યુ રે થાય, કવચ ભણીને જે જન જાય.
નાના વિધિના સુખને આપે, તન તણાં રે દુઃખડા કાપે.
સંપત્તિ ગૃહ મધ્યે જામે, રણક્ષેત્રે વિજય તો પામે.
ત્રિલોકમાં કીર્તિ તો થાય, નિત્ય દેવી કવચ જો ગાય.
ભણે શ્રદ્ધાથી નમે વારંવાર, દેવી રક્ષા કરે નિરાધાર.
આયુષ્ય શત વર્ષનું તો થાય, અકાળ મૃત્યુ તણો ભય જાય.
ગડ ગુમડ ગરમીને ટાળે, સર્પ સોમલનું ઝેર રે બાળે.
મંત્ર તંત્ર ઉચ્ચાટ જ જાય, ભૂચર ખેચર તો દૂર થાય.
કુલજા માલાના ભયથી ત્રાસે, ડાકણ શાંકણ સહેજે નાસે.
યક્ષ રાક્ષસ ગાંધર્વ જાય, ગ્રહ ભૂત પલાયન થાય.
બ્રહ્મ રાક્ષસ વૈતાલ ભાગે, કુષ્માંડ ભૈરવ ગૃહત્યાગે.
રાજા લળીને લાગે પાય, દેવી કવચથી સિદ્ધિ રે થાય
પુત્ર પૌત્રાદિ વેલો ચાલે, અંતે સ્વર્ગ ભૂમિમાં રે મહાલે.
મુનિ તને કહી રે ગુપ્ત કથાય, ભણે તેતો સુખિયા થાય.
કરું અર્પણ તુન રે માઈ, ભાવે કથા તારી રે ગાઈ.
દોષ દેજો તમે સર્વ ટાળી, મારી અલ્પમતિને રે ભાળી.
નથી ઓથ ને હિંમત મારે, રહું દેવી તમારે આધારે.
સર્વ રક્ષા કરોને રે માત, મારા સ્નેહી કુંટુબની સાથ.
આપો વાણીરે સત્ય જ માય, સ્મરણે રહો મને સદાય.
દેવી લળીને હું પાયે લાગું, અખંડ ભક્તિ તમારી રે માગુ.
મન વાંછિત ફળને આપો, મારા વિવિધ કષ્ટને કાપો.
અંબાપ્રસાદ કહે હાથ જોડી, મૈયા મતિમારી છેક થોડી.
હું છું સર્વ તણો રે દાસ, પૂરો મૈયા ભક્તોની આશ.

શ્રી ૧૧

શ્રી વહાણવટી શિકોતરમાં નમઃ

# શ્રી વહાણવટી માતાના વ્રતની પુજનવિધિ

શ્રી વહાણવટી માતાનું વ્રત કોઈપણ માસના મંગળવારથી શરૂ થાય (૨૧) એકવીસ મંગળવારનું આ વ્રત ભાઈ બહેન કોઈપણ સ્ત્રી કે પુરૂષ કરી શકે. સવારે ઉઠતાંજ માને પ્રાર્થના કરવી, હે મા આજે તમારૂ વ્રત કરીશ તો તે વ્રતને પૂર્ણ કરવા દેજો ત્યાર બાદ પોતાનું ઘર કામ કાજ નીપટાવી પછી સ્નાન ધ્યાનથી પરવારી પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દીશાના એક ખુણામાં પાટલો રહે તેટલી જમીન પાણીથી ધોઈ બને તો ગાયના છાણથી લીપીને પાટલો મુકવો, ઉપર સફેદ કોરૂ કપડુ પાથરવુ માતાજીનો ફોટો, મુર્તિ જો હોય તો મુકવી ફોટા ઉપર ચુંદડી ઓઢાડવી, આગળ કંકુ ચોખા કે ઘઉંથી ષષ્ટકોણ બનાવી ઉપર તાંબાના કળશ મા પાણી ભરવુ કળશ પર પાંચ પાન, આબા અથવા આસોપાલવ અથવા નાગરવેલના પાન હોય તે મુકી શ્રીફળ મુકવુ. પછી માને પ્રાર્થના કરવી (હાથમાં પાણી લઈને ) હે મા શરણે આવેલાને શરણ આપનારી, મનો કામના પુર્ણ કરનારી, મા વહાણવટી શિકોતરમાં મારા વ્રતને સરળ કરવા આપને પ્રસન્ન કરવા આપનું પૂજન કરૂ છું તો આપ હવે મારા પાટલા પર બીરાજો હે મા કરગરીને વિનવુ છુ આપ અહી પધારો મારા વ્રતને સ્વીકારો તમને નમસ્કાર. સમુદ્રમાંથી ડુબતા નાવને તારનારા મા વહાણવટી શિકોતર મારા સંસાર સાગરમાં ડુબતાં નાવને ઉગારો તમારા શરણે આવેલાની શુભ ગતી થાય છે તેવી અમારી ગતી શુભ થાઓ ચોખા તથા પાણી માતાની સામે મૂકી દેવા

ૐ મહાદેવી મહામાયા વહાણવટી શિકોતરમાં નમઃ

આચમન અમર પ્રયામી (આચમનભરી પાણી કળશ પર રેડવુ) ૐ મહાદેવી વહાણવટી શિકોતરમાં નમઃ વસ્ત્રમ અમર પ્રયામી (કળશને નાડાછડી બાંધવી) ૐ મહાદેવી મહામાયા વહાણવટી શિકોતરમાં નમ ચંદનમૂ સમર પ્રયામી, કંકુ ના ચાંલ્લા કરવા. ૐ મહાદેવી મહામાયા વહાણવટી શિકોતરમાં પૂષ્પમ્ સમર પ્રયામી, દિવાને પૂષ્પ અર્પણ કરવા. ૐ નમો મહાદેવી

મહામાયા વહાણવટી શિકોતરમાં ધૂપ સમર પ્રયામી, ધુપ અગબરત્તી કરવી. ૐ નમો મહાદેવી મહામાયા વહાણવટી શિકોતરમાં નમઃ. નૈવેદ્ય સમર પ્રયામી, ગોળનું નૈવેદ્ય ધરાવવું. ત્યાર બાદ દિપક કરી આરતી કરવી.

ૐ વહાણવટી શિકોતરમાં બોલતા જવુ અગિયાર માળા કરવી ત્યારબાદ પાંચવાર નમસ્કાર કરીને વ્રત કથા વાંચવી યા સાંભળવી. પછી પ્રસાદ વહેંચી પોતે લઈને સ્થાપના ત્યાંજ રાખી ઉભા થઈ જવું, સાંજે એવીજ રીતે પૂજન કરવુ અને ચાલીસા વાંચીને અથવા સાંભળીને કળશનું પાણી પી જવુ. વ્રત કરનાર સવારે ચા, કોફી, દુધ લઈ શકે બાકી નહિ. બપોરે બાર વાગે ગોળ ઘી ને ચોખાનું ભોજન કરવું જેટલી ઈચ્છા હોય તેટલા ચોખા રાંધી ગોળ ઘી નાખી એના ત્રણ ભાગ કરવા એક ભાગ ગાયને ખવરાવવો બીજો ભાગ ઘરના બાળકોને ખવરાવવો ત્રીજો ભાગ પોતે જમવો સાંજે પુજન ચાલીસા વાંચી કેવળ દૂધ, ચાહ, પાણી લઈ શકે બાકી ફરાળ કોઈ પણ ન લેવા (૨૧) એકવીસ મંગળવાર પુર્ણ થયા બાદ (૨૨) બાવીશમાં મંગળવારે વિસર્જન કરવું (૧૧) અગીયાર બાળકો અથવા અગીયાર બ્રાહ્મણ જોડા સર્વને ભોજન કરાવી દક્ષિણા આપી શક્તિ પ્રમાણે કાર્ય કરવું. શક્તિ ન હોય તો છેવટે પાંચ બાળકને જમાડવા આ વ્રત સુખ માટે, બહેનના લગ્ન માટે, ઘરમાં ક્લેશ મટાડવા, કોઈ પણ મુશ્કેલી દુર કરવા થાય છે. મા જરૂર મનોકામના પુર્ણ કરશે માનો આશીર્વાદ જરૂર મળશે જેટલી શ્રધ્ધા જેટલું તપ એ વ્રતની સિધ્ધિ જય મા વહાણવટી શિકોતર.

દર મંગળવારે સવારથી સાંજ સુધી સ્થાપન રાખવું ત્યારબાદ સાંજે પુજન કર્યા બાદ વિસર્જન કરવું.

## વ્રત કથા

ખંભાત નગરનો જગડુશા શેઠ વણીક ખુબ જ ધનવાન હતો. પરદેશથી પોતાના કુટુંબીજનો સાથે નોકરચાકર લઈ વહાણમાં અઢળક ધન લઈને પોતાના વતન તરફ આવી રહ્યો હતો, બરાબર મધ્ય સમુદ્રમાં વહાણ આવ્યું એકદમ દરિયો હીલોળે ચડ્યો, પવનનું તોફાન, વાદળનો ગગડાટ,

વિજળીનો ચમકાર થયો, નાવ હાલક ડોલક થયું પુર્વ દિશાથી વીજળીનું તેજ આવે તેમ ચમકાર થયો, નાવ ડુબવા લાગ્યુ, બાળકો રોવા લાગ્યા, નાવિકો તથા સર્વે મોટા લોકો ગભરાઈ ગયા, પોકાર થયો બચાવો.... બચાવો જગડુશાની નજરમાં સામે ડુંગર ઉપર સિંહ ઉપર બેઠેલા શક્તિ હરસિદ્ધ ભવાની દેખાણા તુરતજ પોકાર કર્યો મા મા તું બચાવ તારે શરણે, નિરાધારનો આધાર હવે તુજ છે.

"ટુટ્યો સઢ નીશાન અને ડુબવા લાગ્યુ વહાણ,
"કુટુમ્બ કબીલો સહુ જશે, માડી જશે સહુના પ્રાણ,
"દોડી આવો માવડી, બચાવો મારા બાળ,
"મારૂ નાવ કીનારે લાવ માવડી જનની દીન દયાળ.

જગડુશાએ પોકાર કરી માને યાદ કર્યા તુરતજ જગડુશાનો આર્ત નાદ સાંભળતા ત્રીશુળની અણીએ નાવ અધ્ધર આવ્યુ અને એક જ પળમાં નાવ કીનારે પહોંચી ગયુ જગડુશાની નજરમાં સિંહ પર બેઠેલા મા હરસિધ્ધ ભવાની જોયા અને મા પહાડ પર અદશ્ય થયાં, જગડુશા કહે મા હવે તો તને મેળવ્યા સીવાય નહી રહું એમ કહી પોતે પહાડ પર ગયો મંદિરમાં મહાદેવી મંમાયા હરસિધ્ધિ ભવાની જોતાજ પગમાં પડ્યો, મારૂ કુટુંબ મારા નોકર ચાકર મારા ધન માલને બચાવ્યો મા તારા ઉપકાર ભુલાય નહી તુ અનાથોની સહાય કરનારી, તારી અદભુત લીલા છે હવે તો મા તારા પુંજન કર્યા સિવાય પાણી પણ ન ખપે, દરરોજ દર્શન કરૂ, પુજન કરૂ, જીવું ત્યાં સુધી તારી ભક્તી કરૂ, પધારો મારા ખંભાત નગરમાં તમારૂ મંદિર બનાવું અહીથી નીચે ઉતરો મા અહી ડુંગર પરથી તમારી દ્રષ્ટી દરીયામાં જાય નાવ ડુબી જાય છે. માટે નીચે ઉતરો માં, અહી પણ મંદિર બનાવું મારૂ તન મન ધન કુટુંબ તમારા ચરણમાં છે મા, મારી વિનંતી સ્વીકાર. જગડુશાની વિનંતી સાંભળતા જ મા પ્રગટ થયાં માને જોતાંજ જગડુશા પગમાં પડી ગયો. મા, મા તારો બાળ છુ તારો દીકરો છુ તેંજ બચાવ્યો, તેં જ પાળ્યો, તેંજ મને દર્શન આપી પાવન કર્યો, મા મંદિર પરથી નીચે આવો અને મારા ખંભાતનગરમાં પધારો. તુરતજ મા હરસિધ્ધિએ કહ્યું જગડુશા મને ડુંગર પરથી નીચે લાવવી હોય અને તારા ખંભાતમાં લઈ જવી હોય તો મારા મંદિરથી નીચે ઉતરવાના પગથીએ

પગથીએ એક માથાનું બલિદાન આપવું પડશે, બોલ કબુલ છે. જગડુશા મા ના વચન પર તુરતજ પોતાના ત્રણ દીકરા તથા ત્રણ વહુ અને બે દીકરીઓ અને પોતાનું મસ્તક કાપવા ગયો ત્યાં મા હરસિધ્ધિએ તેને રોકી લીધો ધન્ય ધન્ય ધન્ય મુખે વદી સર્વેને સજીવન કર્યા. જગડુશાને કહ્યુ જા તારી ભક્તિ પર પ્રસન્ન છું નીચે મારૂ મંદિર બનાવ અને તારા ખંભાત સાગર સરીતા (મહી) કીનારે મારૂ મંદિર બાંધ મારો ત્યાં વાસ થશે તારૂ વહાણ તાર્યું તો આજથી હરસિધ્ધિ વહાણવટી શિકોતરના નામે પુજાશે જા તારી મનોકામના પૂર્ણ થશે. તથાસ્તુ કરી મા અદશ્ય થયા પછી જગડુશાએ માતા હરસિધ્ધિનું નદી કિનારે મંદિર બંધાવી પોતાના ખંભાતનગરમાં પાંચ માઈલ દુર મહી નદી સંગમ પાસે દરીયા કીનારે મંદિર બનાવ્યું અને જગડુશાનું કુટુંબ મા નું પૂજન કરવા લાગ્યું.

તોફાન ચાલ્યુ સાગરે વરસાદની માઝા વટી
પોકાર યાત્રીના સુણીને વહાણ તાર્યા વહાણવટી
હરસીત બન્યા નરનાર સૌ મળતાં સુખદ એ છાવડી
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હુ માવડી
મંદિર રૂડું, ખંભાતમાં ગડીયા ને ચાણસ્મા શહેરમાં
નર નારીયો સૌ વ્રત કરે ફરતા સદા સુખ લહેર માં
રેવા તણો રતિબાળ આશીર્વાદ માગે હર ઘડી
વહાણવટી શિકોતર માત તુજને નમન કરૂ હુ માવડી

આજ વર્તમાન કાળમાં માનો ચમત્કાર ખૂબ જ છે. મા શ્રી શિકોતર, તારી અસીમ કૃપાથી સર્વ ભક્તોની મનોકામના પૂર્ણ કરી તેમનું આ વ્રત કરી મારી મનોકામના પૂર્ણ કરવા મા તને વારંવાર વિનંતી કરું છું. બધા જ ભક્તોની ઈચ્છા પૂર્ણ કરી છે તેમ મારી પણ આ ઈચ્છા પૂર્ણ કરજે એવી મારી વિનંતી છે.

નોંધ :

આ વ્રતમાં બહેનો માસિક ધર્મ વખતે પૂજા બીજા પાસે કરાવી ઉપવાસ કરી શકે છે. કથા ચાલીસા સાંભળી શકે છે.

# ચાલીસા

જય જય માતા ભાગ્ય વિધાતા સુખ સંપત દેનાર,
શરણ ગ્રહું હું આપનું મા તું છે તારણહાર
મંગળ કરની સંકટ હરની પરમ પુનીત સુખ ધામ
વદન કરી ભજીયે તને હે માત શિકોતર નામ
જય જય વહાણવટી માત સેવક જન સહુ ગુણને ગાતા
સિંહ વાહની માત અમારી અદભુત તારી લીલા ભારી
જેણે તારું શરણ સ્વીકાર્યું એનું શુભ તેં કામ સુધાર્યું
વાગેશ્વરીનું રૂપ કહાવે નારદ સારદ ગુણને ગાવે
મહાશક્તિ ગુણ ખાણ કહાવે માનવ દાનવ ધ્યાન લગાવે
શુમ્ભનીશુમ્ભને તે જ પછાડ્યા અહી દાન મહી દાન પાડ્યા,
મહીસાસુર મર્દની કહેવાણી દેવ વખાણે મહીમા જાણી,
ખડગ ખપર ત્રિશૂળ સોહાવે નાશે શત્રુ નીકટ નહીં આવે
તું જળમાં છે, તું સ્થળમાં છે, તું માનવના ગટગરમાં છે.
તું દરિયામાં નાવને તારે, ડૂબતા યાત્રી તુજ ઉગારે
અદભુત રૂપ વિશાળ છે કાયા સકળ જગતને તે જ ઉપાયા
આદ્યશક્તિ મોટી મંમાયા સર્વ સ્થળે છે તારી છાયા
તું હરસિધ્ધિ માત કહાવે, માત શિકોતર નામ જણાવે
તું ભુવનેશ્વરી ભાગય વિધાતા તું ગંગા ગાયત્રી માતા
વહાણવટી માતા તું સાચી તારું રટણ રહેદીલ રાચી,
આધી ઉપાધિ સંકટ ટાળે બાળગણી સેવકને પાળે,
જય જય જય જય માત શિકોતર હાથ દયાના ધરજો અમ પર
દયાવંત તમ તમ હાથ ધરીને કરુણા કરજો કષ્ટ હરીને
ધ્યાન ધરી તને અરજ કરું છું, નિશદિન તારું ભજન કરું છું,
ભૂત-પિશાચ દ્વાર ન આવે, માત શીકોતર નામ જણાવે
અષ્ટ ભુજા શસ્ત્રો શોભાયે સુંદર મુગટ માથે સોહાયે,
જો સત ચિતથી શીશ નમાવે, જીવન મુક્તિનું ફળ પાવે.
જો રોગી નિત ધ્યાન લગાવે, કૃપાથી રોગ મીટાવે.

બંધીવાનના બંધ છોડાવે, માતનું રટણ હ્રદયમાં લાવે.
તું બહુચર તુળજામાઈ, તું ઉમિયા કાળી સુખદાયી,
તારું શરણ છે ઉત્તમકારી, વહાણવટી સાચી હિતકારી,
સંકટ વેળા કોઈ પોકારે તુરત જ માડી કષ્ટ વિદારે,
તારી દષ્ટી દૂર દૂર જતા દરિયામાં સહુ નાવ ડૂબાતા
મધ દરીયામાં નાવ વણીકનું ડૂબકવા લાગ્યું નાવ ધણીકનુ
નાવીક સર્વે માત પોકારે માત શિકોતર આવી વહારે.
જગડુશાએ ભક્તિ કીધી, માને દ્વારે કુરબાની દીધી,
ડુંગર પરથી નીચે આવ્યા, જગડુશાના દીલ હરખાવ્યા.
સાગર તીરે મંદિર ભારી આરતી કરી પૂંજે નરનારી,
પ્રેમથકી જે માને ભજસે મન વાંછિત ફળ તુરત જ મળશે.
ધૂપ-દીપ-નૈવેદ્ય જો લાવે વહાણવટી માના ચરણે ધરાવે.
સાંજ-સવાર ગુણ નીત ગાવે જન્મ મરણ મુક્તિ ફળ પાવે,
મંગળ વ્રત પર ચિત્ત લગાવે, શ્રધ્ધાભક્તિથી ઉજવાવે,
પહાડવાળી વહાણવટી શિકોતર રહો પ્રસન્ન હે માત અમપર
લેજો ચરણે માત ઉગારી બાળ તણી સૌ અરજ સ્વીકારી
જય જય જય જય માત ભવાની અમ પર દૃષ્ટિ રહે દયાની.

ભાવભક્તિથી ચાલીસા જે નર છે ગાનાર, કૃપા કરે માત તે પાર ઉતરસે ભવ પાર,
સાંજ સવારે ચાલીસા નિત્ય ભણે નર નાર, ભણે રતી રેવા તણો રહે સુખી કુટુંબ પરિવાર
બોલો વહાણવટી શિકોતર માત કી જય, બહુચર માતકી જય, અંબે માતકી જય
હરસિધ્ધ ભવાનીકી જય, સિદ્ધનાથ મહાદેવ કી જય
ૐ નમઃ પાર્વતી પતે હરહર મહાદેવ.

## છડી

રાજ રાજેશ્વર રાજ માતા, વહાણો સાથે શોભનારા
વહાણાવટી માતા શિકોતરને ઘણી ખમ્મા.... ઘણી ખમ્મા.....

# વહાણવટી અષ્ટક

સિદ્ધેશ્વરી, ભુવનેશ્વરી, આશાપુરી, રૂદ્રાણી તું,
જવાળામુખી, હીંગળાજ તું, તુળજા કહું, બ્રહ્માણી તું,
વાઘેશ્વરી હે, અર્બુદા મા, પૂજા તારી પાવડી,
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

દાનવ વિનાશક માત મરઘે ચડી બહુચરવાળી તું,
વિકરાળ ક્રોધ કરાળ કાળી માત પાવાવાળી તું,
નારાયણી હે, આદ્યશક્તિ પાર કરજે નાવડી,
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું, હું માવડી

જીતાય ના એ પ્રચંડ મૂર્તિ દાનવોની બેલડી,
એ દાનવોને રોળવાને પ્રગટ થઈ તું મેલડી,
લઈ ને કૃપણો હાથ બાણો ટુકડા કર્યા ગ્રહી બાવડી
વહાણાવટી શિકોતર માત તુંજને નમન કરૂં માવડી

શીંધ રોળવાને કાજ નવઘણ તણી સેના ઉપડી,
દેવચકલી બની ખોડીયાર તું નવણ તથા ભાલે ચડી,
નવ લાખ સૈન્ય ને ભોજન પીરસ્યું ધન્ય માત વરવડી
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

તોફાન ચાલ્યું સાગરે વરસાદની મા જા વટી
પોકાર યાત્રીના સુણીને વહાણ તાર્યા વહાણવટી
હરશીત બન્યા નરનાર સહુ મળતા સુખદ એ છાવડી
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

જડ વસ્તુઓને તેં ધુણાવી યાદ એ ભુલાય ના,
હે મા કેશરબાઈ તારી નામના ભુલાય ના,

પરચા પુર્યા અગણિત તારા કાર્યની હાકલ વડી
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

કષ્ટો સદાયે દૂર કરે, વિઘ્નો હરે પરમેશ્વરી,
પાંચોટ ગામે વિરાજતી મા ભોળી તું ભુવનેશ્વરી,
નિર્મળ અને છે શાન્ત મૂર્તિ પૂણ્યની તું પરવડી,
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

હે શક્તિમાં જ્યોતિ સ્વરૂપ રહેજો સદાય સહાયક
કર જોડીને વિનંતી કરું મા સર્વ સુખ ફળદાયક,
રેવા તણો રેતી બાળ આશીર્વાદ માગે હરઘડી,
વહાણવટી શિકોતર માત તુજને નમન કરું હું માવડી

॥ શ્રી વહાણવટી પ્રસન્નોસ્તુ ॥

## મંગલાચરણ

(રાગ-જય શ્રીકૃષ્ણ કુંજબિહારી, મોરલીધર ગોવર્ધન ધારી)

જય અંબે આરાસુરી રાણી, ગબ્બર ગઢની અંબા મારી
ગબ્બર ગઢની અંબા મારી, ગબ્બર ગઢની અંબા મારી-જય અંબે ૧
આરાસુરમાં વાસો વસીયા, ભક્તોના સહુસંકટ હરીયા - જય અંબે ૨
ડુંગરવાળી તારો ડંકો દેશાંતરમાં વાગે વાગે
દેશ દેશથી સંઘ જ આવે, પુંજાપો ને હાર જ લાવે - જય અંબે ૩
ભક્તો આવે ભાવ ધરીને, દરશન દે, માં દિલ ધરીને
જય અંબેનું નામ જ જપતાં, આવે છે દોડી દોડીને - જય અંબે ૪
દાસ હીરાની વિનંતી સુણજો, હૃદય કમળની સાથે ધરજો,
ચરણ કમળનું પૂજન આપી, વારે વારે દોડી ધાજો - જય અંબે ૫

# સાત વારની આરતી

આદીતે આનંદી અંબા, મૈયા આનંદી અંબા (૨)
સદા મગનમાં મૈયા (૨) મુખ શોભે ચંદા... જયો જયો રે મા જગદંબે - ૧
સોમે શી કહું વાત, નિરગુણ છો ન્યારી (૨)
બ્રહ્મા ભેદ ન જાણે (૨) અકળ કળા તારી ... જયો જયો રે મા જગદંબે - ૨
મંગલ તારું નામ કલ્યાણી કહીએ (૨)
નામ નિરંતર લેતા (૨) મા નિર્મળ થઈએ ... જયો જયો રે મા જગદંબે - ૩
બુદ્ધિ રૂપે માત ઘટ ઘટ રહી વ્યાપ્યા (૨)
પશુ પંખી સચરાચર (૨) જળ સ્થળ રહી વ્યાપ્યાં જયો જયો રે મા જગદંબે - ૪
ગુરુએ ગૌરી મા, જુગત તણી જાયા (૨)
સપ્તી લોક સહુરેશ્વર (૨) મા તારી માયા .... જયો જયો રે મા જગદંબે - ૫
શુકરસે શ્રી અંબાએ, માર્યો મહીષાસુર પાપી (૨)
દેવતાનાં દુઃખ કાપી (૨) સુખ સંપત આપી ... જયો જયો રે મા જગદંબે - ૬
શનિએ ઈશ્વરી માત, અખંડ છો આઈ (૨)
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર (૨) ગુણ તારા ગાઈ ... જયો જયો રે મા જગદંબે - ૭
સાત વારની આરતી, અંબાની ગાશે (૨)
સેવકને મા રાખી શરણે (૨) સુખ સંપત દેશે. જયો જયો રે મા જગદંબે - ૮

# પંદર તિથિની આરતી

જય આદ્યાશક્તિ, મૈયા જય આદ્યા શક્તિ,
અખંડ બ્રહ્માંડ નિપાવ્યા (૨) પડવે પંડિત માત .... જયો જયો મા જગદંબે ૧
બીજે બેય સ્વરૂપ, શિવશક્તિ જાણું (૨)
બ્રહ્મા ગણપતિ ગાવું (૨) હરગાવું હરમાત .... જયો જયો મા જગદંબે ૨
ત્રીજે ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા (૨)
દયા થાકી તરવેણી (૨) તુ ત્રિવેણી માત .... જયો જયો મા જગદંબે ૩
ચોથે ચતુરા મહાલક્ષ્મી મા, સચરાચર વ્યાપ્યાં (૨)

ચારભુજા ચૌદિશા (૨) પ્રગટ્યા દક્ષિણમાં .... જયો જયો મા જગદંબે ૪
પંચમે પંચમ રૂપ, પંચમી ગુણ પદ્મા (૨)
પંચ તત્ત્વ ત્યાં સૌહિયે (૨) પંચે તત્ત્વો માં .... જયો જયો મા જગદંબે ૫
ષષ્ઠી તું નારાયણી, મહિસાસુર માર્યો (૨)
નરનારીને રૂપે (૨) વ્યાપ્યા સઘળે માત .... જયો જયો મા જગદંબે ૬
સપ્તમે સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા .... જયો જયો મા જગદંબે ૭
અષ્ટમે અષ્ટ ભુજા, આઈ આનંદા (૨)
સુનિવર મુનિવર જન્મ્યા (૨) દેવ દૈત્યોની માત.... જયો જયો મા જગદંબે ૮
નવમે નવ કુળ મા, સેવે નવ દુર્ગા (૨)
નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન, કીધા હર બ્રહ્મા.... જયો જયો મા જગદંબે ૯
દશમે દશ અવતાર, જય વિજયા દશમી (૨)
રામે રાવણ માર્યો, (૨) રાવણ રોળ્યો માત ..... જયો જયો મા જગદંબે ૧૦
એકાદશી અગિયારસ કાત્યાયની કામા (૨)
કામ દુર્ગા કાલીકા (૨) રામાને શ્યામા .... જયો જયો મા જગદંબે ૧૧
બારશે બાળા રૂપ, બહુચરી અંબામા (૨)
બટુક ભૈરવ સોહીયે, કાળભૈરવ સોહીયે, તારા તેજ ન માંય .... જયો જયો મા જગદંબે ૧૨
તેરશે તુળજા રૂપ, તું તારૂણી માતા (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા .... જયો જયો મા જગદંબે ૧૩
ચૌદશે ચૌદા રૂપ ચંડી ચામુંડા (૨)
ભાવભક્તિ કંઈ આપો (૨) સિંહવાહની માતા .... જયો જયો મા જગદંબે ૧૪
પુનમે કુંભ ભર્યો સાંભળ તું કરુણા (૨)
મારકંડ મુનીએ વખણ્યા (૨) ગાઈ શુભ કવિતા .... જયો જયો મા જગદંબે ૧૫
ત્રંબાવટી નગરી મૈયા ત્રંબાવટી નગરી
સોળ સહસ્ર ત્યાં સોહીએ (૨) કૃપા કરો ગૌરી .... જયો જયો મા જગદંબે ૧૬
સંવત સોળે પ્રગટ્યાં (૨) રેવાને તીરે .... જયો જયો મા જગદંબે ૧૭
શિવ શક્તિની આરતી જે કોઈ ગાશે (૨).
ભણે શિવાનંદ સ્વામિ (૨) સુખ સંપત થાશે,
હર કૈલાસે જાશે, માડી અંબા દુઃખ હરશે .... જયો જયો મા જગદંબે ૧૮

## છડી

સોનેકી છડી, રૂપેકી મશાલ, ઝરીયાનકી ધજા, રેશમકી દોરી, હાથી પર ડંકા, ઘોડા પર નિશાન, મખમલકી મોડજડીયા, સોનેકી પાવડીયા, ફુલોંકી શેરા, ગુલાબકી ચાદર, આરાસુરી ડુંગરવાળી અંબા માને ઘણી ખમ્મા

## પ્રાર્થના છંદ

આદ્ય શક્તિ તું અંબે આઈ, પ્રગટ પુરણ તે સૃષ્ટિ નીપાવી
વરણા વરણ કીધાં તે વારૂ જુગમાં નામ જપે સૌ તારૂં
આપો બુદ્ધિ અવિચર વાણિ, જાચું દેવી દાતાર જાણી,
અખુટ વિદ્યા આપો આઈ, બાળક જાણી કરીએ ભલાઈ
સતી સુવર્ણ રૂપે રૂડી, કાને કુંડળ હાથે ચુડી
લલાટ આડ કેસરની સોટી નયને કાજળ નાકે મોતી,
ગુંથી વેણ ગોફણી લહેકે ચુવા ચંદન અગરજ બહેકે
કોટમાં હાર ચેનને માળ, અધિક દંત દીસે રળીઆળા
બાહે બાજુ બંધ કુમતીઆળાં, રાખડીયે સોનાના વાળા
પોંચી બેરખી છલ્લાં અંગુઠી, જડી કાંપ સોનાની લીટી
પાયે ઝેર બાજુડાંવાગે, ગણ ગણ વાગતાં ઘુઘરી ગાજે
પહેર્યા ચીર પીતાંબર સાડી, કુખે ભાત અભળય પાડી
અસુર નિકંદન ઝાલ્યો આઈ, મહિસાસુર ને માર્યો ધાઈ
ચંડમુંડ ને નાખ્યા ચોરી, દૈત્ય માત્ર ભુકો ભચેડી
તારી તરાર ત્રણ લોકમાં ચાલે સ્વર્ગ મૃત્યુ પાતાળજ હાલે
ડંકો દેવ લોકોમાં કીધો, જીતી જશ જગતમાં લીધો
પરજા તારી પારે આઈ, કળી કાળમાં બહુચર બાળી
ધન ધન ધનમાં અંબા સતી ને ભૂખ્યાનું મુખ જોતી નથી
ભટ્ટ કૃપારામની સુણો વિનંતી, છંદ ગાઉ અંબાના હુકમથી

આદ્ય શક્તિ તું અંબે આઈ પ્રગટ પુરાણતે સૃષ્ટિ નીપાવી
વરણા વરણ કીધા તે વારૂ જુગમાં નામ જપે સૌ તારૂં,
જય અંબે ભજો જય અંબે, જય અંબે ભજો જગ અંબે

સાખી - સેવા ભાવી ભક્ત કહે, મારા છે બોલ
અંબે જપો અને જપાવો અંબે નામ ૧
જય અંબેના નામથી તરવાનું જગમાંહ્ય
અંત સમયમાં ધ્યેય છે જગદંબે જગમાત
જગત જનુની માવડી, જગતની આધાર
જગતમાં વ્યાપી રહ્યાં, જગત જનુની માત
જય અંબે ભજો જય અંબે, જય અંબે ભજો જય અંબે

## ગરબો

તું કાળી ને કલ્યાણી રે માં, જયાં જોઈ ત્યાં જોગમાયા
તને ચાર યુગમાં જાણી રે માં, જયાં જોઈ ત્યાં જોગમાયા
તને પહેલાં યુગમાં જાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું શંકર ઘેર પટરાણી રે માં, જયાં જોઈ ત્યાં જોગમાયા
તું ભસ્માસુર હણનારી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તને બીજા યુગમાં જાણી રે માં, જયાં જોઈ ત્યાં જોગમાયા
તું હરિશ્ચંદ્ર ઘેર પટરાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું સત્યને ખાતર વેચાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તને ત્રીજા યુગમાં જાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું રામચંદ્ર ઘેર પટરાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું રાવણને રાડનારી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તને ચોથા યુગમાં જાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું પાંડવ ઘેર પટરાણી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
તું કૌરવ કુળ હરનારી રે માં, જયા જોઈ ત્યાં જોગમાયા
નીગા રાખો માત મહેરબાન, સદા પહેલવાન, માતરંગી

## ગરબો

મને અંબા કોઈ બતાવો (૨)
ગોવાળ બનીને ગાયો ચારી એ વિમલ બતલાવો
ગૌરી માની ગાવલડી નું (૨) અમૃત દુધ પીલાવો..... મને અંબા.
અખેચંદની નૌકા તારી એવી વિનંતી સંભળાવો.
ત્રીશુળ મારી લીધો ઉગારી (૨) દર્શન એવા કરાવો..... મને અંબા.
ભટ્ટ વલ્લભને દર્શન દીધાં બહુચર રૂપ બતાવો.
વહેવાર એનાં કીધાં માવડી (૨) એવી પ્રસન્નતા લાવો..... મને અંબા.
કાલીદાસ પર પ્રસન્ન થયા માં કાલીરૂપ બતાવો.
છંદે રચાવા વાણી દીધી (૨) અમીચંદ જેવા બનાવો..... મને અંબા.
તન મન મા ને અર્પણ કરીને ઝગમગ જયોત જગાવો.
દેવીદાસ માના દર્શન કરાવે (૨) એવા ભક્તો તાવો..... મને અંબા.

## શ્રી શિકોતર માતાજીની સ્તુતિ

માડી મને દર્શન તમારા આપો, વધુ કાંઈ જોઈતું નથી રે લોલ....
માડી મારા બંધન ચોર્યાસીના કાપો, વધુ કાંઈ જોઈતું નથી રે લોલ....
ભક્તિનો રંગ મને એવો લગાડજો, કામ અને ક્રોધ મારી પાસે ન આવજો,
માડી મને દર્શન તમારા આપો, વધુ કાંઈ જોઈતું નથી રે લોલ....
રાત દિવસ ભજન તારા હું ગાઉં, ગાતાં ગાતાં હું તો ભાન ભૂલી જાઉં,
માડી મને એટલી શક્તિ આપો, વધુ કાંઈ જોઈતું નથી રો લોલ....
સંસારનો સુખ લાગે ખોરી બદમાસો, ધન અને વૈભવ મારે શું કામનું,
માડી મારુ જીવન સેવામાં વિતાવજો, વધુ કાંઈ જોઈતું નથી રે લોલ....
શિકોતર માડી મારી એક વાત માનજો, દાસ બનાવીને ચરણોમાં રાખજો,
માડી મને ભક્તિની શક્તિ આપો.. વધુ કાંઈ જોઈતું નથી રે લોલ....

# ગુલાબના ગોટા જેવી માઁ

ગુલાબના ગોટા જેવી માઁ, માઁ મને દર્શન દયો
ચંપાના ફૂલ જેવી માઁ, માઁ મને દર્શન દયો
જેવો ગુલાબનો ગોટો, એવો શિકોતર માઁ નો ફોટો,
ફોટાને પ્રણામ કરો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....
જેવી શિયાળાની ઠંડી, એવી શિકોતર માઁ ની કંઠી,
કંઠી ને પ્રેમથી પહેરો, માઁ મને દર્શન દયો.... ગુલાબના....
જેવો ઉનાળાનો તડકો, એવો શિકોતર માઁ ને પરચો,
પરચાને પ્રેમથી પૂરો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....
જેવો ચોમાસાનો વરસાદ, એવો શિકોતર માઁ નો પરસાદ,
પરસાદને પ્રેમથી લ્યો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....
જેવું ગંગાજીનું પાણી, એવી શિકોતર માઁ ની વાણી,
વાણી ને પ્રેમથી સૂણો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....
જેવા તુલસીના માંજરા, એવા શિકોતર માઁ ના ઝાંઝરા,
ઝાંઝરાને પ્રેમથી પહેરો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....
જેવી ભક્તોની ભક્તિ, એવી શિકોતર માઁ ની શક્તિ,
શક્તિને હૃદયમાં રાખો, માઁ મને દર્શન દયો .... ગુલાબના ....

# શિકોતર માતાજીનો થાળ

રાલેજનાં શિકોતરમાં જમવા વહેલાં આવજો.

પાવાગઢથી કાલીમાને સાથે લેતાં આવજો

આરાસુરથી અંબામા જમવા વહેલાં આવજો ..... રાલેજ.

સોમવારે સુખડી શેકી જમવા વહેલાં આવજો

મંગળવારે મગશ લાવ્યાં જમવા વહેલાં આવજો ..... રાલેજ.

ભાવનગરથી ખોડલમા જમવા વહેલાં આવજો

બુધવારે બુંદી લાવ્યાં જમવા વહેલાં આવજો

ગુરૂવારે ગેબર લાવ્યાં ભાવે જમવા આવજો ..... રાલેજ.

કોયલ ગઢથી હર્ષદમાં જમવા વહેલાં આવજો

શુક્રવારે શીરો શેક્યો ભાવે જમવા આવજો

શનિવારે સુતરફેણી જમવા વહેલાં આવજો ..... રાલેજ.

રવિવારે ખીચડી કઢી જમવા વહેલાં આવજો

પાન સોપારી મુખવાસમાં મૂક્યાં જમવા વહેલાં આવજો ..... રાલેજ.

ભાવતાં ભોજન પીરસ્યાં માં જમવા વહેલાં આવજો

ભક્તો તમને ભાવે જમાડે જમવા વહેલાં આવજો ..... રાલેજ.

ચોસઠ જોગણી સાથે માડી જમવા વહેલાં આવજો

દરિયાલાલાને જમવા માટે સાથે તેડી લાવજો ..... રાલેજ.

# શ્રી ગાયત્રી ચાલીસા

હ્રીં, શ્રીં, ક્લીં, મેધા, પ્રભા, જીવન જ્યોતિ પ્રચંડ ।
શાન્તિ, કાન્તિ, જાગૃતિ, પ્રગતિ, રચના શક્તિ અખંડ ॥
જગત જનની, મંગલ કરની, ગાયત્રી સુખધામ ।
પ્રણવો, સાવિત્રી, સ્વધા, સ્વાહા પૂરન કામ ॥

ભૂર્ભુવઃ સ્વઃ ૐ યુતજનની, ગાયત્રી નિત કલિમલ દહની ॥
અક્ષર ચૌવીસ પરમ પુનિતા, ઈનમેં બસેં શાસ્ત્ર શ્રુતિ ગીતા ॥
શાશ્વત સતો ગુણી સતરૂપા, સત્ય સનાતન સુધા અનુપા ॥
હંસારૂઢ સિતમ્બર ધારી, સ્વર્ણ કાન્તિ શુચિ ગગન બિહારી ॥
પુસ્તક, પુષ્પ કમંડલુ, માલા, શુભ્ર વર્ણ તનુ નયન વિશાલા ॥
ધ્યાન ધરત પુલકિત હિત હોઈ, સુખ ઉપજત દુઃખ દુરમતિ ખોઈ ॥
કામધેનુ, તુમ સુર તરુ છાયા, નિરાકાર કી અદ્‌ભુત માયા ॥
તુમ્હારી શરણ ગહૈ જો કોઈ, તરે સકલ સંકટ સોં સોઈ ॥
સરસ્વતી, લક્ષ્મી તુમ કાલી, દિપૈ તુમ્હારી જ્યોત નિરાલી ॥
તુમ્હારી મહિમા પાર ન પાવૈ, જો શરદ શત મુખ ગુન ગાવૈ ॥
ચાર વેદ કી માતુ પુનિતા, તુમ બ્રહ્માણી ગૌરી સીતા ॥
મહામંત્ર જિતને જગ માંહી, કોઊ ગાયત્રી સમ નાહી ॥
સુમિરત હિય મેં જ્ઞાન પ્રકાસૈ, આલસ પાપ અવિદ્યા નાસે ॥
સૃષ્ટિ બીજ જગ જનની ભવાની, કાલ રાત્રિ વરદા કલ્યાણી ॥
બ્રહ્મા, વિષ્ણુ રૂદ્ર, સુર જેતે, તુમ સોં પાવેં સુરતા તેતે ॥
તુમ ભકતન કી ભકત તુમ્હારે, જનનીહિં પુત્ર પ્રાણ તે પ્યારે ॥
મહિમા અપરંપાર તુમ્હારી, જય જય જય ત્રિપદા ભયહારી ॥
પૂરિત સકલ જ્ઞાન વિજ્ઞાના, તુમ સમ અધિક ન જગમેં આના ॥
તુમહિં જાનિ કછુ રહે ન શેષા, તુમહિં પાય કછુ રહૈ ન કલેશા ॥
જાનત તુમહિં તુમહિં હૈ જાઈ, પારસ પરસિ કુધાતુ સુહાઈ ॥
તુમ્હારિ શક્તિ દિપૈ સબ ઠાઈ, માતા તુમ સબ ઠૌર સમાઈ ॥

ગ્રહ નક્ષત્ર બ્રહ્માંડ ઘનેરે, સબ ગતિવાન તુમ્હારે પ્રરે ॥
સકલ સૃષ્ટિ કી પ્રાણ વિધાતા, પાલક પોષક નાશક ત્રાતા ॥
માતેશ્વરી દયા વ્રત ધારી, તુમ સન તરે પાતકી ભારી ॥
જાપર કૃપા તુમ્હારી હોઈ, તાપર કૃપા કરે સબ કોઈ ॥
મંદ બુદ્ધિ તે બુદ્ધિ બલ પાવેં, રોગી રોગ રહિત હો જાવે ॥
દારિદ્ર મિટૈ કટૈ સબ પીરા, નાસે દુઃખ હરે ભવ ભીરા ॥
ગૃહ કલેશ ચિત ચિન્તા ભારી, નાસૈ ગાયત્રી ભય હારી ॥
સંતતિ હીન સુસંતતિ પાવેં, સુખ સંપત્તિ યુત મોદ મનાવેં ॥
ભૂત પિશાચ સબૈ ભય ખાવેં, યમ કે દૂત નિકટ નહિ આવેં ।
જો સધવા સુમિરે ચિત લાઈ, અક્ષત સુહાગ સદા સુખદાયી ॥
ઘર વર સુખ પ્રદ લહૈ કુમારી, વિધવા રહે સત્ય વ્રત ધારી ॥
જયતિ જયતિ જગદંબ ભવાની, તુમ સબ ઔર દયાલુ ન દાની ॥
જો સદ્ગુરુ સોં દીક્ષા પાવે, સો સાધન કો સફલ બનાવે ॥
સુમિરન કરે સુરુચિ બડભાગી, લહૈ મનોરથ ગૃહી વિરાગી ॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ કી દાતા, સબ સમર્થ ગાયત્રી માતા ॥
ઋષિ મુનિ યતિ તપસ્વી જોગી, આરત, અર્થી, ચિન્તિત ભોગી ॥
જો જો શરણ તુમ્હારી આવે, સો સો મન વાંછિત ફલ પાવે ॥
બલ બુદ્ધિ વિદ્યા શીલ સ્વભાઊ, ધન વૈભવ યશ તેજ ઉછાઊ ॥
સકલ બઢે ઉપજે સુખ નાના, જો યહ પાઠ કરે ધરિ ધ્યાના ॥

યહ ચાલીસા ભક્તિયુત, પાઠ કરે જો કોઈ ।
તાપર કૃપા પ્રસન્નતા મા ગાયત્રી કી હોય ॥

***ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ***
***ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥***

**ભાવાર્થ :** તે પ્રાણ સ્વરૂપ, દુઃખનાશક, સુખસ્વરૂપ, શ્રેષ્ઠ, તેજસ્વી, પાપનાશક, દેવસ્વરૂપ, પરમાત્માને અમે અંતરાત્મામાં ધારણ કરીએ છીએ, તે પરમાત્મા અમારી બુદ્ધિને સન્માર્ગ તરફ પ્રેરિત કરે.

# શ્રી હનુમાન ચાલીસા

શ્રી ગુરૂ ચરણ સરોજ રજ, નિજ મન મુકુર સુધાર ।
બરનઉ રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચાર ।।
બુદ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌ પવન - કુમાર
બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં, હરહુ કલેશ વિકાર ।।

## ।। ચોપાઈ ।।

જય હનુમાન જ્ઞાન ગુન સાગર । જય કપીસ તિહું લોક ઉજાગર ।। ૧
રામદૂત અતુલિત બલધામા । અંજની પુત્ર પવનસુત નામા ।। ૨
મહાવીર વિક્રમ બજરંગી । કુમતિ નિવાર સુમતિ કે સંગી ।। ૩
કંચન બરન બિરાજે સુબૈસા । કાનન કુંડલ કુંચિત કેસા ।। ૪
હાથ વજ્ર ઔર ધ્વજા બિરાજે । કોંધે મુંજ જનેઉ સાજે ।। ૫
શંકર સુવન કેસરીનંદન । તેજ પ્રતાપ મહા જગ- વંદન ।। ૬
વિદ્યાવાન ગુણી અતિ ચાતુર । રામ કાજ કરિબે કો આતુર ।। ૭
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા । રામ લખન સીતા મન બસિયા ।। ૮
સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિ દિખાવા । વિકટ રૂપ ધરી લંક જલાવા ।। ૯
ભીમ રૂપ ધરિ અસુર સંહારે । શ્રી રામચંદ્ર કે કાજ સંવારે ।। ૧૦
લાય સંજીવન લખન જિયાયે । શ્રી રઘુબીર હરષિ ઉર લાયે ।। ૧૧
રઘુપતિ કીન્હી બહુત બડાઈ । તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ ।। ૧૨
સહસ્ત્ર બદન તુમ્હરો યસ ગાવેં । અસ કહિ શ્રીપતિ કંઠ લગાવે ।। ૧૩
સનકાદિક બ્રહ્માદિ મુનીસા । નારદ શારદ સહિત અહીસા ।। ૧૪
યમ કુબેર દિગપાલ જહાઁ તે । કવિ કોવિદ કહિ સકે કહાઁ તે ।। ૧૫
તુમ ઉપકાર સુગ્રીવહી કીન્હા । રામ મિલાય રાજ પદ દીન્હા ।। ૧૬
તુમ્હરો મંત્ર વિભિષણ માના । લંકેશ્વર ભયે સબ જગ જાના ।। ૧૭

જુગ સહસ્ત્ર જોજન પર ભાનૂ । લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ॥ ૧૮
પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માંહી । જલધિ લાંઘિ ગયે અચરજ નાહી ॥ ૧૯
દુર્ગમ કાજ જગત કે જે તે । સુગમ અનુગ્રહ તુમ્હારે તે તે ॥ ૨૦
રામ દુઆરે તુમ રખવાલે । હોત ન આજ્ઞા બિન પૈસારે ॥ ૨૧
સબ સુખ લહૈ તુમ્હારી શરના । તુમ રક્ષક કાહુ કો ડરના ॥ ૨૨
આપન તેજ સમ્હારે આપે । તીનોં લોક હાઁક તેં કાપે ॥ ૨૩
ભૂત પિસાચ નિકટ નહિ આવે । મહાવીર જબ નામ સુનાવે ॥ ૨૪
નાસૈ રોગ હરે સબ પીરા । જપત નિરંતર હનુમંત વીરા ॥ ૨૫
સંકટ સે હનુમાન છુડાવે । મન કર્મ વચન ધ્યાન જો લાવે ॥ ૨૬
સબ પર રામ તપસ્વી રાજા । તિન કે કાજ સકલ તુમ સાજા ॥ ૨૭
ઔર મનોરથ જો કોઈ લાવે । તાસુ અમિત જીવન ફલ પાવે ॥ ૨૮
ચારો જુગ પ્રતાપ તુમ્હારા । હે પ્રસિધ્ધ જગત ઉજિયારા ॥ ૨૯
સાધુ સંત કે તુમ રખવારે । અસુર નિકંદન રામ દુલારે ॥ ૩૦
અષ્ટ સિધ્ધિ નવ નિધિ કે દાતા । અસ વર દીન જાનકી માતા ॥ ૩૧
રામ રસાયન તુમ્હરે પાસા । સદા રહો રઘુપતિ કે દાસા ॥ ૩૨
તુમ્હારો ભજન રામ કો પાવે । જન્મ જન્મ કે દુઃખ બિસરાવે ॥ ૩૩
અંત કાલ રઘુબર પુર જાઈ । જહાં જન્મ હરિ ભકત કહાઈ ॥ ૩૪
ઔર દેવતા ચિત્ત ન ધરઈ । હનુમત સેઈ સર્વ સુખ કરઈ ॥ ૩૫
સંકટ હરે મિટૈ સબ પીરા । જો સુમિરૈ હનુમંત બલવીરા ॥ ૩૬
જય જય જય હનુમાન ગોસાઈ । કૃપા કરો ગુરુદેવ કી નાંઈ ॥ ૩૭
જો સત બાર પાઠ કરે કોઈ । છુટે બન્દિ મહા સુખ હોઈ ॥ ૩૮
જો યહ પઢે હનુમાન ચાલીસા । હોય સિધ્ધિ સાખી ગૌરીસા ॥ ૩૯
તુલસીદાસ સદા હરિ ચેરા । કીજૈ નાથ હૃદય મહી ડેરા ॥ ૪૦

પવન તનય સંકટ હરન, મંગલ મુર્તિરૂપ
રામ લખન સીતા સહિત, હૃદય બસહું સુર ભૂપ

# શક્રાદય સ્તુતિ

ૐ શક્રાદયઃ સુરગણા નિહતેઽતિવીર્યે તસ્મિન્દુરાત્મનિ સુરારિબલે ચ દેવ્યા ।
તાં તુષ્ટુવુઃ પ્રણતિનમ્રશિરોધરાંસા વાગ્ભિઃ પ્રહર્ષપુલકોદ્ગમચારુદેહાઃ ॥૧॥
દેવ્યા યયા તતમિદં જગદાત્મશક્ત્યા નિઃશેષદેવગણ શક્તિ સમૂહમૂર્ત્યા ।
તામમ્બિકામખિલ દેવમહર્ષિ પૂજ્યાં ભક્ત્યાં નતાઃ સ્મ વિદધાતુ શુભાનિ સા નઃ ॥૨॥
યસ્યાં પ્રભાવમતુલં ભગવાનનન્તો બ્રહ્મા હરશ્ચ ન હિ વક્તુમલં બલં ચ ।
સા ચંડિકાખિલજગત્ પરિપાલનાય નાશાય ચાશુભ ભયસ્ય મતિં કરોતુ ॥૩॥
યા શ્રીઃ સ્વયં સુકૃતિનાં ભવનેષ્વલક્ષ્મીં પાપત્મનાં કૃતધિયાં હૃદયેષુ બુદ્ધિઃ ।
શ્રદ્ધા સતાં કુલજનપ્રભવસ્ય લજ્જા તાં ત્વાં નતાઃ સ્મ પરિપાલય દેવિ વિશ્વં ॥૪॥
કિં વર્ણયામ તવ રૂપમચિન્ત્યમેતત્ કિં ચાતિવીર્યમસુરક્ષયકારિ ભૂરિ ।
કિં ચાહવેષુ ચરિતાનિ તવાદ્ભુતાનિ સર્વેષુ દેવ્ય સુરદેવ ગણાદિકેષુ ॥૫॥
હેતુઃ સમસ્તજગતાં ત્રિગુણાપિદોષૈ ર્ન જ્ઞાયસે હરિહરાદિભિરપ્યપારા ।
સર્વાશ્રયાખિલમિંદ જગદંશભૂતમવ્યાકૃતા હિ પરમા પ્રકૃતિસ્ત્વમાદ્યા ॥૬॥
યસ્યાઃ સમસ્તસુરતા સમુદીરણેન તૃપ્તિં પ્રયાતિ સકલેષુ મખેષુ દેવિઃ ।
સ્વાહાસિ વૈ પિતૃગણસ્ય ચ તૃપ્તિહેતુ રુચ્ચાર્યસે ત્વમત એવ જનૈઃ સ્વધા ચ ॥૭॥
યા મુક્તિહેતુ રવિચિન્ત્ય મહાવ્રતાત્વ મભ્યસ્યસે સુનિયતેન્દ્રિયત્ત્વસારૈ ।
મોક્ષાર્થિભિર્મુનિભિરસ્ત સમસ્તદોષૈર્વિદ્યાઽસિ સા ભગવતી પરમા હિ દેવિ ॥૮॥
શબ્દાત્મિકા સુવિમલર્ગ્યજુષાં નિધાનમુદ્ગીથરમ્યપદ પાઠવતાં ચ સામ્નામ્ ।
દેવી ત્રયી ભગવતી ભવ ભાવનાય વાર્તા ચ સર્વજગતાં પરમાર્તિહંત્રી ॥૯॥
મેધાસિ દેવિ વિદિતાખિલ શાસ્ત્રસારા દુર્ગાસિ દુર્ગભવસાગરનૌરસંગા ।
શ્રીઃ કૈટભારિહૃદયૈક કૃતાધિવાસા ગૌરી ત્વમેવ શશિમૌલિકૃત પ્રતિષ્ઠા ॥૧૦॥
ઈષત્સહાસમમલં પરિપૂર્ણ ચન્દ્રબિમ્બાનુકારિ કનકોત્તમ કાન્તિકાન્તં ।
અત્યદ્ભુતં પ્રહૃતમાત્તરુષા તથાપિ વક્ત્રં વિલોક્ય સહસા મહિષાસુરેણ ॥૧૧॥
દૃષ્ટ્વા તુ દેવિ કુપિતં ભ્રુકુટીકરાલ મુદ્યચ્છશાંકસદૃશચ્છવિ યન્ન સદ્યઃ ।
પ્રાણાન્મુમોચ મહિષસ્તદતીવ ચિત્રં કૈર્જીવ્યતે હિ કુપિતાંતક દર્શનેન ॥૧૨॥

દેવિ પ્રસીદ પરમા ભવતી ભવાય સદ્યો વિનાશયસિ કોપવતી કુલાનિ ।
વિજ્ઞાતમેતદધુનૈવ યદસ્તમેતનન્નીતં બલં સુવિપુલં મહિષાસુરસ્ય ॥૧૩॥
તે સંમતા જનપદેષુ ધનાનિ તેષાં તેષાં યશાંસિ ન ચ સીદતિ બંધુવર્ગઃ ।
ધન્યાસ્ત એવ નિભૃતાત્મજભૃત્યદારા યેષાં સદાભ્યુદયદા ભવતી પ્રસન્ના ॥૧૪॥
ધર્મ્યાણિ દેવિ સકલાનિ સદૈવ કર્માણ્યત્યાદતઃ પ્રતિદિનં સુકૃતી કરોતિ ।
સ્વર્ગં પ્રયાતિ ચ તતોભવતીપ્રસાદાલ્લોકત્રયેડપિ ફલદા નનુ દેવિ તેન ॥૧૫॥
દુર્ગે સ્મૃતા હરસિ ભીતિમશેષજન્તો સ્વસ્થૈઃ સ્મૃતા મતિ મતીવશુભાં દદાસિ ।
દારિદ્રયદુઃખભયહારિણી કા ત્વદન્યા સર્વોપકારકરણાય સદાડડર્દ્રચિત્તા ॥૧૬॥
એભિર્હતૈર્જગદુપૈતિ સુખં તથૈતે કુર્વન્તુ નામ નરકાય ચિરાય પાપં ।
સંગ્રામમૃત્યુમધિગમ્ય દિવં પ્રયાન્તુ મત્વેતિ નૂન મહિતાન્વિનિહંસિ દેવિ ॥૧૭॥
દષ્ટ્વૈવ કિં ન ભવતીં પ્રકારોતિ ભસ્મ સર્વોસુરાનરિષુ યત્પ્રહિણોષિ શસ્ત્રં ।
લોકાન્પ્રયાન્તુ રિપવોડપિ હિ શસ્ત્રપૂતા ઈત્થં મતિર્ભવતિ તેષ્વપિ તેડતિસાધ્વી ॥૧૮॥
ખડ્ગ પ્રભાનિકરં વિસ્ફુરણૈસ્તથોગ્રૈઃ શૂલાગ્રકાન્તિનિવહેન દશોડસુરાણા ।
યન્નાગતા વિલિયમંશુમદિન્દુખંડ યોગ્યાનનં તવ વિલોક્યતાં તદેતત્ ॥૧૯॥
દુર્વૃત્તવૃત્તશમનં તવ દેવિ શીલં રૂપં તથૈતદવિચિન્ત્યમતુલ્ય મન્યૈઃ ।
વીર્યં ચ હંતૃ હૃતદેવપરાક્રમાણાં વૈરિષ્વપિ પ્રકટિતૈવ દયા ત્વયેત્થં ॥૨૦॥
કેનોપમા ભવતુ તેડસ્ય પરાક્રમસ્ય રૂપં ચ શત્રુભયકાર્યતિહારિ કુત્રઃ ।
ચિત્તે કૃપાં સમરનિષ્ઠુરતા ચ દ્રષ્ટા ત્વય્યૈવ દેવિ વરદે ભુવનત્રયેડપિ ॥૨૧॥
ત્રૈલોક્યમેતદખિલં રિપુ નાશનેન ત્રાતં ત્વયા સમરમૂર્ધનિ તેડપિ હત્વા ।
નીતા દિવં રિપુગણા ભયમપ્યપાસ્ત મસ્માકમુન્મદસુરારિભવં નમસ્તે ॥૨૨॥

શૂલેન પાહિ નો દેવિ પાહિ ખડ્ગેન ચામ્બિકે, ।
ઘંટાસ્વનેન નઃ પાહિ ચાપજ્યાનિઃ સ્વનેન ચ ॥૨૩॥
પ્રાચ્યાં રક્ષ પ્રતીચ્યાં ચ ચંડિકે રક્ષ દક્ષિણે ।
ભ્રામણે નાત્મશૂલસ્ય ઉત્તરસ્યાં તથેશ્વરિ ॥૨૪॥
સૌમ્યાનિ યાનિ રૂપાણિ ત્રૈલોક્યૈ વિચરન્તિ તે ।
યાનિ ચાત્યર્થઘોરાણિ તૈ રક્ષાસ્માંસ્તથા ભુવં ॥૨૫॥

ખડ્ગશૂલદાદીનિ યાનિ ચાસ્ત્રાણિ તેડમ્બિકે ।
કરપલ્લવસંગીનિ તૈરસ્માન્ રક્ષ સર્વતઃ ॥૨૬॥

## ઋષિ ઉવાચ

એવં સ્તુતા સુરૈર્દિવ્યૈઃ કુસુમૈર્નન્દનોદ્ભવૈઃ ।
અર્ચિતા જગતાં ધાત્રી તથા ગન્ધાનુલેપનૈ ॥૨૭॥
ભક્ત્યા સમસ્તૈસ્ત્રિદશૈર્દિવ્યૈર્ધૂપૈસ્તુ પ્રજ્ઞાધૂપિતા ।
પ્રાહ પ્રસાદસુમુખી સમસ્તાન્પ્રણતાન્ સુરાન્ ॥૨૮ ॥

## દેવા ઉવાચ

વ્રિર્યતાં ત્રિદશાં સર્વૈયદસ્મત્તોડભિવાંછિતમ્ ।
ભગવત્યા કૃતં સર્વં ન કિંચિદવશિષ્યતે ॥૨૯॥
યદયં નિહતઃ શત્રુરસ્માકં મહિષાસુરઃ ।
યદિ ચાપિ વરો દેયસ્ત્વયાસ્માકં મહેશ્વરિ ॥૩૦॥
સંસ્મૃતાડસંસ્મૃતા ત્વં નો હિંસેથાઃ પરમાપદઃ ।
યશ્વ મર્ત્યઃ સ્તવૈરેભિસ્ત્વાં સ્તોષ્યત્યમલાનને ॥૩૧॥
તસ્ય વિત્તાર્દ્ધિવિભવૈર્ધનદારાદિ સંપદાં ।
વૃદ્ધયેડસ્મત્પ્રસન્ના ત્વં ભવેથાઃ સર્વદામ્બિકે ॥૩૨॥

## ઋષિ ઉવાચ

ઈતિ પ્રસાદિતા દેવૈર્જગતોડર્થે તથાત્મનઃ ।
તથેત્યુક્ત્વા ભદ્રકાલી બભૂવાન્તિર્હિતા નૃપ ॥૩૩॥
ઈત્યેતત્કથિતં ભૂપ સંભૂતા સા યથા પુરા ।
દેવી દેવશરીરેભ્યો જગત્ત્રાયહિતૈષિણી ॥૩૪॥
પુનશ્વ ગૌરીદેહાત્સા સમુદ્ભૂતા યથાભવત્ ।
વધાય દુષ્ટદૈત્યાનાં તથાશુમ્ભનિશુમ્ભયોઃ ॥૩૫॥
રક્ષણાય ચ લોકોનાં દેવાનામુપકારિણી ।
તચ્છૃણુષ્વ મયાડડખ્યાતં યથાવત્કથયામિ ॥૩૬॥

# સ્વર્ગની સરકાર (કાયમી)

**રાષ્ટ્રપતિ : રાજ રાજેશ્વરી પૂ. અંબાજી**
**ઉપરાષ્ટ્રપતિ : પૂ. મહાકાળી**
**રાષ્ટ્રપતિના અંગત સચીવ : શ્રી શિકોતર માતાજી**

| | | | |
|---|---|---|---|
| ૧. વડાપ્રધાન | : શ્રી મહાદેવ | ૧૧. કૃષિ વિભાગ | : શ્રી મેઘરાજા |
| ૨. વડાપ્રધાન ના અંગત સચીવ | : શ્રી ગણપતિજી | ૧૨. સિંચાઈ વિભાગ | : શ્રી ઈન્દ્રદેવ |
| ૩. ગૃહ વિભાગ | : શ્રી વિષ્ણુ ભગવાન | ૧૩. આરોગ્ય વિભાગ | : શ્રી અશ્વિનીકુમાર |
| ૪. વ્યવસ્થા વિભાગ | : શ્રી કૃષ્ણ ભગવાન | ૧૪. માહિતી પ્રસારણ વિભાગ | : શ્રી નારદજી |
| ૫. સમાજ કલ્યાણ વિભાગ | : શ્રી રામજી | ૧૫. બાંધકામ વિભાગ | : શ્રી વિશ્વકર્માજી |
| ૬. સંરક્ષણ વિભાગ | : શ્રી હનુમાનજી | ૧૬. ન્યાય વિભાગ | : શ્રી ધર્મરાજા |
| ૭. ગૃહ નિર્માણ વિભાગ | : શ્રી બ્રહ્માજી | ૧૭. ઉર્જા વિભાગ | : શ્રી સૂર્યદેવ |
| ૮. નાણા વિભાગ | : શ્રી લક્ષ્મીજી | ૧૮. રેલ્વે વિભાગ | : શ્રી કુળદેવ |
| ૯. પુરવઠા વિભાગ | : શ્રી અન્નપૂર્ણામાં | ૧૯. મનોરંજન ટેલી. ટીવી વિભાગ | : શ્રી ચંન્દ્રદેવ |
| ૧૦. શિક્ષણ વિભાગ | : શ્રી સરસ્વતી દેવી | ૨૦. વિસર્જન વિભાગ | : શ્રી યમરાજા |

## સલાહકાર સમિતિ

| | | |
|---|---|---|
| ૧. ગાયત્રી માતા | ૪. રાંદલ માં | ૭. ભાથીજી |
| ૨. બહુચરાજી | ૫. આશાપુરી માં | ૮. રામદેવજી |
| ૩. ખોડીયાર માં | ૬. બળીયાદેવ | ૯. આદર વેલ માતાજી |

માતાજીની આ સ્તુતિ અને વ્રતકથા તૈયાર કરવામાં જે કોઈ ભાવિકજનો એ પ્રત્યક્ષ અથવા પરોક્ષ સહકાર આપ્યો છે તથા તેમાં જાહેરાત આપી આર્થિક સહયોગ આપ્યો છે, તેવા તમામ ભાવિક ભક્તો નો આયોજક ટ્રસ્ટી મંડળ, શ્રી શિકોતર (વહાણવટી) માતાજી મંદિર, રાલેજ આભાર માનેછે અને તમામ ભાવિકો ને માતાજી આશીર્વાદ આપે એવી પ્રાર્થના કરેછે.

# શ્રી શિકોતર (વહાણવટી) માતાજી ના નૂતન મંદિર ના જીર્ણોદ્ધાર નિમિત્તે... યોજેલ શિખર-કળશ પ્રતિષ્ઠા મહોત્સવ અને હોમાત્મક શતચંડી મહાયજ્ઞ

સંવત ૨૦૬૧ મહા સુદ-પૂનમ

તા. ૨૪ ફેબ્રુઆરી ૨૦૦૫



આયોજક ટ્રસ્ટી મંડળ અને ભક્તવૃંદ

**શ્રી શિકોતર (વહાણવટી) માતાજી મંદિર**

રાલેજ, તા. ખંભાત, જી. આણંદ,
ફોન : ૦૨૬૯૮-૨૮૫૪૦૦